RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 7 * Issue No. 85* Date: 21.01.2021 Thursday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### કૃષિ કાયદા માટે નિયુક્ત પેનલ બદલવાની ખેડૂતોની માંગ પર સુપ્રીમ કોર્ટ ખફા

# ૨૬ જાન્યુઆરીએ યોજાનાર ખેડૂતોની ટ્રેક્ટર રેલી રોકવા સુપ્રિમનો ઇન્કાર

*ન્યુ દિલ્હી,તા.૨૦*

સુપ્રીમ કોર્ટે બુધવારે કૃષિ કાયદા મુદ્દે નિયુક્ત કરેલી પેનલને બદલાવની ખેડૂતોની માગને લઈને નારાજગી વ્યક્ત કરી છે. સુપ્રીમ કોર્ટે સ્પષ્ટ કરતા કહ્યું હતુ કે, તેમના દ્વારા પેનલની નિમણૂક વાતચીત કરવા માટે જ કરાઈ છે તેમને નિર્ણય માટેની કોઈ સત્તા આપવામાં આવી નથી. તો પછી પક્ષપાત કરાયો હોવાની વાત જ ક્યાં ઉપસ્થિત થાય છે.

દરમિયાન કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટમાં ૨૬મી જાન્યુઆરીના રોજ ખેડૂતોની સંભવિત ટ્રેક્ટર રેલીને રોકવાની માગ કરતી અરજી પરત ખેંચી લીધી છે. સુપ્રીમ કોર્ટે આ અરજી મુદ્દે જણાવ્યું હતું કે, કાયદો અને વ્યવસ્થા પોલીસના અધિકારક્ષેત્રમાં આવે છે. ખેડૂતોની ટ્રેક્ટર રેલી મુદ્દે પોલીસે યોગ્ય પગલાં લેવા જોઈએ સુપ્રીમ કોર્ટ તેમાં કોઈ દખલગીરી નહીં કરે.

ત્રણ કૃષિ કાયદા પર કેન્દ્ર અને ખેડૂતો વચ્ચે પડેલી મડાગાંઠને ઉકેલવા સુપ્રીમ કોર્ટે વાતચીત માટે ચાર સભ્યોની પેનલની રચના કરી છે. આ પેનલના મુદ્દે સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ એસ એ બોબડેની અધ્યક્ષતામાં મળેલી બેન્ચે જણાવ્યું હતું કે તેમણે નિમેલી પેનલના મહાનુભાવો જજ છે અને તેઓ કોઈ વિષય નિષ્ણાત નથી.

ઉલ્લેખનીય છે કે સુપ્રીમ કોર્ટે ચાર સભ્યોની પેલનના ગઠનનો આદેશ આપ્યો હતો જેમાંથી કેટલાક સભ્યો કૃષિ કાયદાની તરફેણમાં હોવાનું જણાયું હતું. આ મામલે ત્યારે વિવાદ ઉઠ્યો જ્યારે પેનલા એક સભ્યએ પોતે આ સમિતિમાંથી ખસી જવાનો મત રજૂ કર્યો હતો.

સુપ્રીમ કોર્ટના જસ્ટિસ એ એસ બોપન્ના અને જસ્ટિસ વી રામાસુબ્રમણ્યમન પણ બેન્ચનો હિસ્સો છે અને તેમણે જણાવ્યું કે, આમાં પક્ષપાતનો સવાલ જ ક્યાં ઉપસ્થિત થાય છે. અમે કમિટીને કોઈ નિર્ણય લેવાની સત્તા સોંપી નથી. તમે (ખેડૂતો) પેનલ સમક્ષ હાજર નથી રહેવા ઈચ્છતા તે સમજી શકાય તેવી વાત છે પરંતુ કોઈના પર દોષારોપણ કરવું યોગ્ય નથી. બેન્ચે વધુમાં કહ્યું કે તમે આમ કોઈના પર કલંક ના લગાવી શકો.

દરેક વ્યક્તિનો પોતાનો મત હોવો જોઈએ. જજનો પણ પોતાનો મત હોય છે. આ એક સર્વસામાન્ય બાબત છે. તમને ના જોઈએ તે વ્યક્તિનું ખોટું બ્રાન્ડિંગ કરવું તે હવે નિયમ બની ગયો છે. અમે કમિટીને ફેંસલો કરવાની સત્તા



**પેનલની નિમણૂંક વાતચીત કરવા માટે જ કરાઇ છે, કોઇ સત્તા અપાઇ નથી, તો પછી પક્ષપાત કરાયો હોવાની વાત ક્યાં ઉપસ્થિત થાય છેઃ સુપ્રિમની સ્પષ્ટતા**

આપી નથી તેમ સુપ્રીમ કોર્ટની બેન્ચે જણાવ્યું હતું.

સુપ્રીમ કોર્ટે કેન્દ્રને ટકોર કરતા વધુ એક વખત જણાવ્યું હતું કે, ૨૬મી જાન્યુઆરીએ ખેડૂતોની પરેડના મુદ્દે પોલીસ પગલાં લઈ શકે છે. આ મામલે કોર્ટો કોઈ જ આદેશ નહીં આપે. કોર્ટે કહ્યું હતું કે, અમે અગાઉ પણ જણાવ્યું હતું કે અમે કોઈ નિર્દેશ નહીં આપીએ. આ પોલીની બાબત છે. અમે અરજી પરત ખેંચવા મંજૂરી આપીશું. સુપ્રીમ કોર્ટમાં વીડિયો કોન્ફરન્સિંગથી યોજાયેલી સુનાવણીમાં કેન્દ્ર સરકારે ૨૬મી જાન્યુઆરીના ગણતંત્ર દિવસે ખેડૂતોની સંભવિત ટ્રેક્ટર રેલીને રોકવા સુપ્રીમ કોર્ટમાં કરેલી અરજીને પરત ખેંચી હતી.

૧૨ જાન્યુઆરીએ સુપ્રીમ કોર્ટે ત્રણ કૃષિ કાયદા પર વધુ આદેશ ના અપાય ત્યાં સુધી અમલીકરણ પર સ્ટે લાગુ કરતો વચગાળાનો આદેશ આપ્યો હતો. આ ઉપરાંત સુપ્રીમ કોર્ટે ચાર સભ્યોની પેલન પણ રચી હતી જેની પાસે ખેડૂતોને વાતચીત કરવા જવા જણાવાયુ હતું. જો કે ખેડૂતો કૃષિ કાયદાને રદ કરવાની માગ પર અડગ છે અને તેમણે પેનલ પાસે નહીં જવાનું જણાવ્યું હતું. સુપ્રીમ કોર્ટે રચેલી કમિટીમાં ઓલ ઈન્ડિયા કિસાન કોઓર્ડિનેશન કમિટીના રાષ્ટ્રીય અધ્યક્ષ ભુપિન્દર સિંહ માન, સાઉથ એશિયાના ઈન્ટરનેશનલ ફૂડ પોલીસી રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટના ડિરેક્ટર પ્રમદો કુમાર જોશી, કૃષિ અર્થશાસ્ત્રી અને કમિશન ફોર એગ્રિકલ્ચર કોસ્ટ્સ એન્ડ પ્રાઈસીસના પૂર્વ ચેરમેન અશોક ગુલાટી તેમજ શેતકારી સંગઠનના અધ્યક્ષ અનિલ ઘનવટનો સમાવેશ કરાયો હતો. બાદમાં આ પેનલમાંથી ભુપિન્દર સિંહ માને ખસી જવાની ઈચ્છા વ્યક્ત કરી હતી.

### વડાપ્રધાને ઉ.પ્રદેશમાં ૬.૧ લાખ લોકોના ખાતામાં ૨૭૦૦ કરોડ ટ્રાન્સફર કર્યા

# ૨૦૨૨ સુધીમાં દરેકને પોતાનું ઘર આપવું એ જ સરકારનો લક્ષ્યઃ મોદી



**પહેલાની સરકારે રોડા નાંખ્યા હતા, પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત દોઢ કરોડથી વધારે ઘર બન્યા, સૌથી વધારે આવાસ મહિલાઓના નામ પર**

*ન્યુ દિલ્હી,તા.૨૦*

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બુધવારના ઉત્તર પ્રદેશને એક મોટી ભેટ આપી. વડાપ્રધાન આવાસ યોજના-ગ્રામીણ હેઠળ આજે લગભગ ૬ લાખ લાભાર્થીઓને આર્થિક સહાય આપવામાં આવી છે. કેન્દ્ર સરકાર તરફથી ૨૦૨૨ સુધી દરેક ગરીબને ઘર આપવાની યોજના ચલાવવામાં આવી રહી છે, જે અંતર્ગત આ મદદ કરવામાં આવી રહી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આર્થિક મદદ જાહેર કર્યા બાદ સંબોધન કર્યું. પીએમ મોદીએ કહ્યું કે, "કેટલાક દિવસ પહેલા જ દેશે કોરોના વેક્સિનેશન અભિયાન ચલાવ્યું છે, હવે વધુ એક સારું કામ થઈ રહ્યું છે."

તેમણે કહ્યું કે, "સરકારનું લક્ષ્ય છે કે ગરીબોને ઘર આપવામાં આવે." પીએમ મોદીએ પોતાના સંબોધનમાં પ્રકાશ પર્વના અવસર પર ગુરૂ ગોવિંદ સિંહને નમન કર્યા અને કહ્યું કે, દેશ તેમના બતાવેલા રસ્તા પર આગળ વધી રહ્યો છે. આવાસ યોજના અંતર્ગત દેશના ગામડાઓની તસવીર બદલાઈ રહી છે. પીએમ મોદીએ કહ્યું કે, ૬ લાખ લાભાર્થીઓના બેંક ખાતામાં ૨૭૦૦ કરોડ રૂપિયા ટ્રાન્સફર કરવામાં આવ્યા છે. પીએમ મોદીએ પોતાના સંબોધનમાં કહ્યું કે, આત્મનિર્ભર ભારતનો સીધો સંબંધ નાગરિકોના આત્મવિશ્વાસ સાથે છે. ઘર એવી વ્યવસ્થા છે જે લોકોના આત્મવિશ્વાસને વધારે છે. પહેલા જે સરકારો હતી એ સમયની સ્થિતિને દરેક જણ જાણે છે.

પીએમ મોદીએ કહ્યું કે, પહેલા ગરીબને વિશ્વાસ નહોતો કે સરકાર ઘર બનાવવામાં મદદ કરી શકે છે. પીએમ મોદીએ કહ્યું કે, અમે અમારી યોજનામાં કોઈ પણ ભાઈ-ભત્રીજાવાદ નથી ચલાવ્યો, ના કોઈ વોટબેંકને ઉપર રાખી, જે પણ ગરીબ છે તેને અધિકાર આપવામાં આવ્યો. વડાપ્રધાન મોદીએ કહ્યું કે, યોજના અંતર્ગત સૌથી વધારે આવાસ મહિલાઓના નામ પર જ આપવામાં આવી રહ્યા છે, દરેક વ્યક્તિના ખાતામાં પૈસા આપવામાં આવી રહ્યા છે. પીએમ મોદી તરફથી અપીલ કરવામાં આવી કે, ગ્રામીણ લોકોએ પ્રધાનમંત્રી સ્વામિત્વ યોજનાનો લાભ લેવો જોઈએ અને પોતાના ઘરની મેપિંગ કરાવવી જોઈએ.

પીએમ મોદીએ ગત સરકારો પર કટાક્ષ કર્યો અને કહ્યું કે, ખોટી નીતિઓના કારણે લોકોને આનું નુકસાન થતુ હતુ. પીએમ મોદીએ કહ્યું કે, આઝાદીના ૭૫ વર્ષ પૂર્ણ થવા પર તમામને ઘર મળ્યા, આ લક્ષ્ય દેશે રાખ્યું હતુ. અત્યાર સુધી ગ્રામીણ વિસ્તારોમાં જ ૨ કરોડ ઘર બની ચુક્યા છે. પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત દોઢ કરોડથી વધારે ઘર બન્યા છે. પીએમ મોદીએ કહ્યું કે, ૨૦૧૬માં અમે જ્યારે આ યોજના લૉન્ચ કરી હતી, ત્યારે યૂપીમાં ઘણી મુશ્કેલીઓ આવી હતી. પહેલાની સરકારને અનેકવાર ચિઠ્ઠી લખવામાં આવી હતી, પરંતુ તેમણે કોઈ પણ પ્રકારનું કામ ના કર્યું. હવે જ્યારે યોગી સરકાર આવી છે તો આ યોજનાએ ગતિ પકડી છે.

### મારા દ્વારા શરુ કરવામાં આવેલા આંદોલનની બસ શરૂઆત છે

# કોઈ યુદ્ધ વિનાના દાયકાના પ્રથમ રાષ્ટ્રપતિ હોવાનું ગૌરવઃ ટ્રમ્પનું વિદાય ભાષણ

*વોશિંગ્ટન,તા.૨૦*

અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કાર્યકાળના અંતિમ દિવસોમાં પોતાની કલંકિત વિરાસતને સુધારવાનો પ્રયત્ન કરતા બુધવારે સમય અનુસાર પોતાની સરકારની ઉપલબ્ધીઓનો ઉલ્લેખ કર્યો. તેમણે સાથે જ કહ્યું કે, આ તેમના દ્વારા શરૂ કરવામાં આવેલા આંદોલનની બસ શરૂઆત છે. એક ફેરવેલ વિડીયોમાં ટ્રમ્પે આગામી રાષ્ટ્રપતિ જો બાઈડેનને શુભકામનાઓ આપી. ટ્રમ્પે કહ્યું કે, આ અઠવાડિયે આપણને નવી સરકાર મળશે. અમે પ્રાર્થના કરીએ છીએ કે અમેરિકાને સુરક્ષિત અને સમૃદ્ધ બનાવી રાખવામાં તેમને સફળતા મળે."

ટ્રમ્પે વિડીયોમાં કહ્યું કે, "અમે અમારી શુભકામનાઓ આપીએ છીએ અને અમે એ પણ ઈચ્છીએ છીએ કે તેમને ભાગ્યનો સાથ મળે." ચૂંટણી દરમિયાન મોટી સંખ્યામાં મતદાનમાં ગરબડના આરોપ લગાવનારા ટ્રમ્પે પોતાના આખા ભાષણમાં બાઈડેનનું નામ ના લીધું. તેમણે નવી સરકાર માટે, 'આગામી સરકાર' શબ્દનો ઉપયોગ કર્યો. ટ્રમ્પના અનેક સમર્થકોનું માનવું છે કે ચૂંટણીમાં ગરબડ કરવામાં આવી છે. ટ્રમ્પે સંબોધનમાં રાષ્ટ્રપતિ કાર્યકાળને લોકોની એક જીત તરીકે રજૂ કરવાનો પ્રયત્ન કર્યો. તેમણે પોતાના ભાષણ દરમિયાન ટોચની ઉપલબ્ધીઓના રૂપમાં મધ્ય-પૂર્વમાં સંબંધોને સામાન્ય બનાવવાના પ્રયત્નો, કોરોના વાયરસ વેક્સિનેશન અને એક નવું અંતરિક્ષબળ બનાવવાનો ઉલ્લેખ કર્યો. ટ્રમ્પે વિવાદોનો બચાવ કરવાનો પ્રયત્ન કર્યો જે છેલ્લા ૪ વર્ષથી સાચા ઠેરવવામાં આવી રહ્યા છે. ટ્રમ્પે કહ્યું કે, "રાષ્ટ્રપતિ તરીકે મારી સર્વોચ્ચ પ્રાથમિકતા, મારી નિરંતરતા, હંમેશા અમેરિકન શ્રમિકો અને અમેરિકન પરિવારોના સર્વોત્તમ હિત રહ્યા છે. મે એ રસ્તો નથી પકડ્યો જેમાં ઓછામાં ઓછી ટીકા મળે. મે મુશ્કેલ લડાઈઓ માટે સૌથી મુશ્કેલ વિકલ્પ અપનાવ્યો, કેમકે તમે મને એવું કરવા માટે ચૂંટ્યો હતો." ટ્રમ્પે પોતાના સમર્થકોને સંબોધિત કરતા એ પણ સ્પષ્ટ કર્યું કે, તેઓ બુધવાર બપોરે નવી સરકારને સત્તા સોંપશે, પરંતુ હું તમને જણાવવા ઈચ્છુ છું કે અમારા દ્વારા શરૂ કરવામાં આંદોલનની આ ફક્ત શરૂઆત છે. આવું કંઈ પણ નથી થયું.

# પશ્ચિમ બંગાળના જલપાઈગુડીમાં ગમખ્વાર અકસ્માતઃ ૧૩ લોકોના મોત

*જલપાઈગુડી,તા.૨૦*

પશ્ચિમ બંગાળના જલપાઈગુડીમાં ગાઢ ધૂમ્મસના પગલે મંગળવારે રાત્રે લોખંડના બોલ્ડર ભરેલી ટ્રક એક કરતાં વધુ વાહનો સાથે ટકરાતાં ઓછામાં ઓછા ૧૩ જણના મૃત્યુ થયાં હતાં અને બીજા ૧૮-૧૯ જણને ઈજા થઇ હતી. એમાંના કેટલાકની ઈજા ગંભીર હોવાનું કહેવાય છે.

માર્ગ અકસ્માતને પગલે ઉચ્ચ પોલીસ અધિકારીઓનો કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. પોલીસના મતે ગાઢ ધુમ્મસથી વિઝિબિલિટી બિલકુલ લો હતી અને ધુગપુડી તરફ રોંગ સાઈડમાં જઈ રહેલી ત્રણ જેટલી કાર સાથે પથ્થર ભરેલા ટ્રકની ટક્કર થઈ હતી. લગ્નની ખુશી મનાવવા જઈ રહેલા જાનૈયાઓની ત્રણ કારને અકસ્માત થતા હરખનો માહોલ ગમમાં ફેરવાઈ ગયો હતો. ઘાયલોને જલપાઈગુડીની સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. ઈજાગ્રસ્તોને જલપાઈગુડીની એક હૉસ્પિટલમાં સારવાર માટે દાખલ કરાયા હતા. જલપાઈગુડીના એએસપી ડૉક્ટર સુમંત રૉયના કહેવા મુજબ મંગળવારે રાત્રે નવને પાંચે બોલ્ડર ભરેલી એક ટ્રક માયાનાલી પાસેથી પસાર થઇ રહી હતી.

ટ્રક મૈના ગુડી તરફ જઇ રહી હતી. એ સમયે સામેથી ખોટી દિશામાં એક તાતા મેજિક અને બીજાં વાહન આવી રહ્યા હતાં. ગાઢ ધૂમ્મસના પગલે પહેલાં ટ્રક તાતા મેજિક સાથે ટકરાઇ હતી. ત્યારબાદ ટ્રકમાં રહેલાં બોલ્ડર્સ પડખેથી પસાર થઇ રહેલાં બીજાં વાહનો પર પડ્યા હતા અને અકસ્માતની ગંભીરતા વધી ગઇ હતી. આમ થવાથી ૧૩ વ્યક્તિનાં મોત થયાં હતાં અને બીજા અઢાર ઓગણીસ જણને ઈજા થઇ હતી. ઈજાગ્રસ્તોને પહેલાં ધૂપગુડી નજીકની હૉસ્પિટલમાં લઇ જવાયા હતા. ત્યારબાદ જલપાઇગુડીની મોટી હૉસ્પિટલમાં શીફ્ટ કરાયા હતા. પ્રત્યક્ષદર્શીઓનું માનીએ તો બોલ્ડરથી ભરેલો ટ્રક, એબીજા ટ્રકની ઓવરટેક કરી રહ્યો હતો. આ દરમિયાન રોંગ સાઇડમાંથી આવી રહેલી ગાડીઓ સાથે તેની ટક્કર થઇ અને બોલ્ડર બીજી ગાડીઓ પર પડ્યા હતા. અકસ્માતનો ગુનો નોંધી ટ્રક ડ્રાઇવરની ધરપકડ કરવામાં આવી છે.

**ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ**

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના નવા કેસની સંખ્યાઃ૪૯૦**

**રાજ્યમાં કુલ કેસનો આંકડો પહોંચ્યો : ૨૫૭૩૪૨**

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં લોકોનાં મૃત્યુઃ ૦૨**

**રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા દર્દીઓની સંખ્યા :૭૦૭**

**ગુજરાતમાં સાજા થયેલા કુલ દર્દીઓની સંખ્યા : ૨૪૭૨૨૩**

# બજેટ પૂર્વ વડાપ્રધાન મોદીની અધ્યક્ષતામાં 30 જાન્યુઆરીએ સર્વપક્ષીય બેઠક યોજાશે

*ન્યુ દિલ્હી,તા.૨૦*

બજેટ પહેલાં તમામ રાજકીય પક્ષોની એક બેઠક ૩૦મી જાન્યુઆરીએ યોજાશે. એનું અધ્યક્ષપદ વડા પ્રધાન નરેન્દ્ર મોદી લેશે. સંસદીય બાબતોના પ્રધાન પ્રહ્લાદ જોશીએ આજે બુધવારે સવારે આ જાહેરાત મિડિયા સમક્ષ કરી હતી. તેમણે કહ્યું કે ૩૦ જાન્યુઆરીએ સર્વપક્ષીય એક બેઠક યોજાશે જેના અધ્યક્ષપદે વડા પ્રધાન નરેન્દ્ર મોદી રહેશે. તેઓ આ બેઠકન સંબોધશે.

જોશીએ વધુમાં કહ્યું કે આ બેઠકમાં સરકાર સંસદના સત્રમાં હાથ ધરાનારી કાર્યવાહીથી હાજર રહેલા પક્ષોને માહિતગાર કરશે. આ જ દિવસે શાસક પક્ષ એનડીએની પણ એક બેઠક યોજાશે. આ બંને બેઠકો વિડિયો કોન્ફરન્સ દ્વારા યોજાશે.

લોકસભાના સચિવાલયે જાહેર કર્યા મુજબ બે સત્રમાં ચાલનારું બજેટ સત્ર એપ્રિલ સુધી ચાલશે. પહેલું સત્ર ૨૯ જાન્યુઆરીથી શરૂ થઇને ૧૫ ફેબ્રુઆરી સુધી ચાલશે. બીજું સત્ર માર્ચની આઠમીથી એપ્રિલની આઠમી સુધી ચાલશે. વિવિધ મંત્ર્યાલયો અને વિભાગો દ્વારા રજૂ થયેલી માગણીઓ પર સંસદની સ્થાયી સમિતિ વિચાર કરી શકે એવા હેતુથી બજેટ સત્રના પહેલા તબક્કાનું સમાપન ૧૫ ફેબ્રુઆરીએ કરી દેવામાં આવશે. છેલ્લા ચોમાસું સત્રની જેમ આ બજેટ સત્ર પણ બે પાળીમાં ચાલશે રાજ્યસભા બપોર સુધી બેસશે જ્યારે લોકસભા સાંજે ચાર વાગ્યાથી રાત્રે નવ વાગ્યા સુધી બેસશે. કોરોના મહામારીને નજરમાં રાખીને આ વ્યવસ્થા કરવામાં આવી છે એમ સંસદીય સચિવાલયે જણાવ્યું હતું.

છેલ્લા સત્રમાં સંસદના બંને ગૃહો ચાર ચાર કલાક મળ્યા હતા એટલે પ્રશ્ન કાળ યોજી શકાયો નહોતો. આ વખતે પ્રશ્ન કાળ પણ હશે એમ વધુમાં જણાવાયું હતું.

## તંત્રી સ્થાનેથી...

### ભારત કોરોના રસીને કારણે વિશ્વભરમાં છવાઈ ગયું.....
### ત્યારે અમેરિકાને બદનામી શા કારણે....?

વિશ્વના મહાન લોકશાહી દેશો પૈકી ભારત કોરોના વેક્સિન બાબતે સફળતા મળવા સાથે રસી આપવા દેશભરમાં અભિયાન ચલાવ્યું તેમાં મળેલ સફળતાને કારણે વિશ્વભરમાં છવાઈ ગયો..... તો અમેરિકા જેવા મહાન લોકશાહી દેશ સાથે વિશ્વની મહાસત્તાને ચૂંડ મીજાજી અને સત્તા ભૂખ્યા ટ્રમ્પ એ હદે અમેરિકાને બદનામીમા હડસેલી દીધું કે સમગ્ર વોશિંગ્ટન ડીસીને લશ્કરી છાવણીમાં ફેરવાઇ ગયું અને ૨૫ હજાર કરતાં વધુ સૈન્ય જવાનોની સુરક્ષા વચ્ચે અમેરિકાના ૪૬ માં નવા રાષ્ટ્રપતિ તરીકે જોબાઈડેન અને ઉપર રાષ્ટ્રપતિ તરીકે ભારતીય મૂળના કમલા હેલિપેડ શપથ લેવા પડ્યા. તેમજ જો બાઈડેને ભારતના ૨૦ જેટલા તેજસ્વિઓને અમેરિકી સરકારમાં વિવિધ હોદ્દાની જવાબદારી સૌંપીને વિશ્વના દેશોને ઈશારો આપી દીધો કે ભારત હવે કોઈ સામાન્ય નહી પરંતુ મહાસત્તા બનવા તરફ પહોચવાના ઉંબરે છે જે કદાચ આડકતરી રીતે ચીનને ઇશારો પણ હોઈ શકે......! જો કે નવા રાષ્ટ્રપતિ જો બાઈડેનની ચીન પ્રત્યે કૂણી લાગણી હોવાનું કહેવાય છે પરંતુ અમેરિકાની વિદેશ નીતિ અનુસાર રાષ્ટ્રપતિ જો બાઈડેન ચાલશે તેવો ઇશારો તેમણે આપી દીધો હોઈ શકે......! આ બધું છતાં એક સત્તા લાલચી- સત્તા મોહાન્ધ ટ્રમ્પે દેશ બાબતે કંઈ પણ વિચાર્યા વગર વિશ્વ સામે ગમે તેમ એલ ફેલ બોલી પોતાના સમર્થકોને ઉશ્કેરી ધાંધલ-ધમાલ કરાવી અને અમેરિકાના સંસદગૃહ પર હુમલા કરાવે અને નવા રાષ્ટ્રપતિને વોશિગ્ટન ડીસી માં ૨૫૦૦૦ લશ્કરી જવાનોની સુરક્ષા વચ્ચે શપથ લેવા પડે ત્યારે તેને અમેરિકાની બદનામી નહીં તો શું કહીશું.....? બીજી તરફ કોરોના મહામારીનું રૂપ જોઈ કોરોના નાથવા અનેક દેશો કોરોના રસી શોધવામાં ગળાડૂબ બની ગયા. શરૂઆતના તબક્કે વિવિધ ૨૦ જેટલા દેશોએ કોરોના રસી શોધી કાઢી હોવાનો દાવો કર્યો....પછીથી ફાઈનલ રસીને સત્તાવાર જાહેર કરવામાં આવી. જ્યારેકે રશિયાએ રસી શોધી કાઢી હોવાની જાહેરાત કરી..... પરંતુ વિશ્વ આરોગ્ય સંસ્થા સહીત કોઈ પણ દેશે માન્યતા આપવાથી દૂર રહ્યા....રશિયાએ શોધેલ રસી સ્પુટનિક ફાઈવ રસી આપવાનું રશિયન સરકારે શરૂ કરી દીધું અને ખુદ રશિયાના રાષ્ટ્રપતિ અને તેમના પરિવારે રસી લઈને વિશ્વને સ્પુટનિક ફાઈલ રસી વિશ્વાસુ હોવાનો સંદેશ આપવા પ્રયાસો કર્યા પરંતુ વિશ્વના દેશો તેની રસી પર શંકા ભરી નજરે જોતા હતા તેથી તેને માર્કેટ ન મળ્યું.....!!

વિશ્વમા બે રસી સફળ રહી હોવાનું જાહેર થયું જેમાં ફાઈઝર નામક રસી પ્રથમ રહી પરંતુ તે રસી લીધા બાદ તેની આડઅસરો પણ જોવા મળી તો કેટલાક મૃત્યુ પણ નોંધાયા અને રસી લીધા બાદ કેટલાક પોઝિટિવ કેસો પણ બહાર આવ્યા તેથી વિશ્વમાં તેને જે આવકાર મળવો જોઇએ તે ના મળ્યો......! ત્યારે ભારતમાં સિરમ બાયોટેક અને ભારત બારોટે કે કોરોના વેક્સિનની તમામ ટ્રાયલ સફળ થતા રસી માર્કેટમાં મૂકતા અગાઉ દેશના વડાપ્રધાન મોદીજીએ જે પ્રકારે આ કોરોના રસી ઉત્પાદક કેન્દ્રોની મુલાકાત લીધી ત્યાર બાદ જે વિગતો જાહેર કરી તેનાથી આમ પ્રજામાં તો ઠીક પરંતુ વિશ્વના દેશોમાં પણ ભારતની કોરોના નાથક દેશી રસી માટે વિશ્વાસ બંધાઈ ગયો અને તેને કારણે વિશ્વના ૬૦ ઉપરાત દેશોએ ભારત પાસે કોરોના વેક્સિનની માંગ કરી. આજ સમયમાં ભારતમાં કેન્દ્ર સરકારે લોકોને રસી આપવા જે પ્રકારે વ્યવસ્થિત આયોજન કરી ગ્રામ્ય મથક સુધી વેક્સિન આપવાનુ અભિયાન હાથ ધર્યું તેના પડઘા પણ વિશ્વભરમાં બહુ જ સારા પડ્યા. પરિણામે ભારત પર રસી આપવા વિવિધ દેશોનુ દબાણ પણ વધી ગયું છે..... ત્યારે ભારતે પડોશી દેશોને સદભાવના રૂપે મર્યાદિત સંખ્યામાં રસીના ડોઝ મોકલવાનો નિર્ણય કર્યો છે. જેમાં માલદ્વિપ, બહેરીન, મંગોલિયા, મ્યાનમાર, ફિલિપાઇન્સ, ભૂતાન, અફઘાનિસ્તાન, નેપાળ, બાંગ્લાદેશ, સેશન્સ વગેરે દેશોનો સમાવેશ થાય છે. જોકે ભારતના અન્ય દેશોને કોરોના રસી આપવાના નિર્ણયથી જર્મન અકળાયુ....! પરંતુ વડાપ્રધાને તેને આશ્વાસન આપ્યું છે. આ બધી બાબતો વચ્ચે નવા સમાચાર આવ્યા કે ભારત બાયોટેકે હવે કોરોના નાશક નાક દ્વારા સૂઘવાની દવા બનાવી લીધી છે અને અત્યારે મોટા પ્રમાણમાં ટ્રાયલ બેઝ ચાલી રહી છે જેમાં આ નાક દ્વારા લેવાની કોરોના નાથક દવાને સફળતા મળી હોવાનું બહાર આવ્યું છે.....! મતલબ કે કોરોના રસી ઇન્જેક્શનના સ્થાને હવે નાક દ્વારા કોરોના નાશક રસી લેવાની રહેશે મતલબ કે હવે કોરોના નાશક દવા સુંઘો અને કોરોનાથી બચો.....!?

# અમેરિકાની લોકશાઈ ઉપર એક જાનલેવા હુમલોઃ શું, મહારાજા ટ્રમ્પના હાથ લોહીથી ગંદા?

ગુજરાતમાં ભાગ્યેજ કોઈ ગામ હશે કે ત્યાંથી અમેરિકા, બ્રિટન, કેનેડા અને ઓસ્ટ્રેલિયા જેવે દેશોમાં કોઈ ગયું ના હોય. ખાસકરીને યુ.એસ.એ અથવા યુકે નું નામ પડતાજ લોકોના કાન સવળા થઈ જતા હોય છે. સામાન્ય માણસોની આંખો સામે અમેરિકાના ડોલરો અને બ્રિટનના ના પાઉન્ડ દેખાવા માંડે તે પણ હવે તો સ્વાભાવિક છે. આમ જોવા જાવ તો આજની જુવાન પેઢીને તો આ દેશોની ઘણી વાતો ખુબજ આકર્ષક લાગે છે. ત્યાંની રહેણીકરણી, દેશોની સામાજિક અને રાજકીય જીવન તેમને ખુબજ આકર્ષિક લાગે છે. આ ના પણ ઘણા કારણો છે.

આઝાદી પેહલાં લોકો અંગ્રેજો ને જોઈ પ્રભાવિત થી જતા અને પછી પણ જયારે ઈન્ડિયા એક નવો સદ્ધર દેશ બંનાવવામાં મશગૂલ હતો ત્યારે પણ ભણેલા લોકો ને પદેશ જવનો મોકો અને શોખ વધારે હતો. ત્યાંથી જઈને આવતા લોકીને પોતાની સાથે મોંઘી વસ્તુઓ લાવતા જોઈ, મન લોભાઈ જતું હતું. ભારતીય ફિલ્મો માં પણ 'ફોરેઈન રિટર્ન' નો એક મોટો દોર રહ્યો હતો અને સિનેમા ઘરોમાં લોકો અને હવે ટીવી ઉપર અમરિકા કે બ્રિટનની રહેણી કરણી ના દ્રશ્યો થી વધારે મોહિત થવા વધવા મંડ્યો છે. મારો દેશ મહાન કહેનારા ભલે પછી આત્મનિર્ભયતા ની વાતોના નારા લગાવતા હોય પણ એક આંખ તો જો લાગે મળે તો ભારતમાંથી છૂટી આ દશોમાં જઈને વસવવા તરફ જ હોય છે અને તેના સ્વપ્ન પણ સેવતો હોયછે. આ દેશો માં આમ જોવા જાવ તો ત્યાંની રાજકીય વ્યવસ્થા માટે લોકશાની ના મૂળ ખુબજ જવાબદાર છે. ભારતમાં છે, પણ તેને મૉટે ભાગે આપણે બધાએ ભેગા થઈને રગદોળી નાખવામાં મદદ કરીછે. પછી ઠાવકા થઇ એમ કહીએ છીએ કે હું રાજકારણ માં રસ નથી લેતો અને બધો વાંક તો રાજકીય નેતાઓનો છે અને તેમાંય આ રાહુલ ગાંધી નો, જે સત્તા પાર પણ કદી નથી બેઠો.

છઠી જાન્યુઆરીના દિવસે અમેરિકાની લોકસભા જેને ત્યાંની સેનેટ તરીકે ઓળખાય છે તેના ઉપર ત્યારના ચાલુ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રેમ્પ ના ટેકેદારો એ એક મોટો હુમલો કર્યો હતો. નવેમ્બર ૨૦૨૦ માં અમેરિકાની રાષ્ટ્રપર્તિની ચૂંટણીમાં આ ટ્રમ્પને ભયાનક હાર મળી હતી. 'અગ્લી બાર ટ્રમ્પ સરકાર' કેહનારાના શબ્દો પાછા મોઢામાં ગુસિ ગયા હોય તેમ લગતું હતું. ટ્રમ્પનું સત્તાનું ગાંડપણ એટલે સુધી વધી ગયું હતું કે તે આ પોતાના ટેકે દારોને આ ચુનાવી પરિણામો વિરુદ્ધ ઉશ્કરતો હતો. અમેરિકા જેવા શકતીશાળી દેશનો રાષ્ટ્રપતિ જોર જોરથી છાતી ઠોકીને કેહતો હતો કે આ ચુનાવ દગાખોરીથી તેમની પાસેથી ચોરી લેવાયો હતો. અને પોતે ખુબજ બહુમતી થી ચૂંટાયો છે.

આ સત્તાના નશામાં મદ થયેલો ટ્રમ્પ માનવા તૈયારજ ન હતો કે તે હારિ ગયો છે. તેના સાથીદારોએ લગભગ ૬૦ જેટલા કેસ જુદા જુદા રાજ્યોની કોર્ટમાં દાખલ કરી ચુટણીના પરિણામોને રદ કરવાની માંગણી કરી હતી. અમેરિકામાં દરેક રાજ્યોમાંથી લોકો રાષ્ટ્રપતિની ચૂંટણીમાં વોટ આપેછે. પછી ત્યાંની સરકાર જેને રાજ્યસભાઓ કહેવાય, તે જે કોઈ રિઝલ્ટ હોય તેને વોટ કરી મંજૂતી આપે છે અને પછી આ બધી મંજૂરી અમેરિકાની સેનેટમાં એક જોઈન્ટ સેશન માં વોટિંગથી પાસ કરાય છે. જેને સર્ટિફિકેશન પ્રોસેસ કહેવાય છે. પછી જ નવા ચૂંટાયેલા રાષ્ટ્રપતિ અને ઉપ-રાષ્ટ્રપતિ ને માન્યતા મળે છે અને સૌગન્ધવિધિ ત્યાંના સુપ્રીમ કોર્ટના ઉચ્ચ ન્યાય ધીશ કરાવે છે. પછી જ સત્તા તેમના હાથમાં સોંપાય છે.

અહીંની લોકસભામાં પણ આપણા દેશની જેમ બે સભાઓ છે. સેનેટ ને રાજયસભા અને હોઉસ ઓફ રીપ્રેઝન્ટટિવે છે જેને લોકસભા કહેવાય છે. છઠ્ઠી જાન્યુઆરી ૨૦૨૧ ને દિવસે આ બંને સભાઓના સભ્યો ની એક જોઈન્ટ - સમૂહ બેઠક બોલાવી હતી જેમાં બંધારણ મુજબ આ રાટ્રપતિ અને ઉપરાષ્ટ્રપતિ ની ચૂંટણીના પરિણામે દરેક પ્રાંતમાંથી આવેલા હોય છે તેને કાયદેસર મજૂરી આપવાની હતી. અહીં હવે જે ખેલ ખેલાયો તે સમજવા જેવો છે. તેની ભયાનકતા ઉપર ઘણો વિચાર માંગી લે છે.

આ રાષ્ટ્રપતિ ટ્રમ્પ ને એમ હતું કે એન કેન પ્રકારેણ કરીને પણ પોતાની સત્તા છોડવી નહી. આ સમૂહ બેઠકે માં જો સભ્યો ચૂંટણીના પરિણામોને મંજોરી આપીદે તો અગ્લી બાર ટ્રમ્પ સરકાર બનવાનું તેનું સ્વપ્નુ કાયદેસર રોળાઈ જાય. આ ટ્રમ્પ સાહેબે પોતાના ટેકેદારોને ત્યાંની પાર્લામેન્ટ જે ને કેપિટલ હિલ ના નામે જાણકાર છે ત્યાં વિરુદ્ધ પ્રદર્શનો કરવાનો આદેશ આપ્યો હતો. તેમને ઉદ્દેશતા કહેતા હતા કે આ લોકોને આ ચૂંટણી આપણી પાસેથી ચોરી લેવા ના દેતા. અત્રે યાદ રહે કે જે ૬૦ જેટલા કેસો કરેલા તે બધાજ દરેક ન્યાય પાલિકાઓએ ફગાવી દીધા હતા. આ ન્યાય પાલિકાઓ જે જુદા જુદા પ્રાન્તોમાં હતી અને તેના મોટા ભાગના ન્યાયાધીશો પણ આ ટ્રમ્પના પોતાના નીમેલા જ હતા. માટે તે તેના વિરૃધ્ધી તો નાજ કહેવાય, તેમને પણ તેમની અરજીઓ ફગાવી દીધી હતી.

આ ટ્રમ્પ ની ઉશ્કેરણી એટલી હતી કે તેના સમર્થકો આ અમેરિકાની પાર્લિયામેન્ટ ના બિલ્ડિંગમાં ઘૂસી ગયા. આમ જોવા જાવ તો આવી જગ્યાઓ સિક્યુરિટી અને સંરક્ષણ ના ખાસ માણસો થી ભરેલી હોય છે તેમાં જવામાટે ખાસ પરમિશન અને તાપસ કરાય છે. જોવા જેવી વાત છે કે આ દિવસે આ બધી જ અગત્યની વ્યવસ્થાઓ ખસેડી લેવાઇ ગયી લગતી હતી. અને તોફાની ટોળાં કોઈ પણ રોકટોક વગર, જે કોઈ થોડા ઘણા પોલીસે વાળા હતા તેમને ખસેડી, ધાક મારી છેક ચેમ્બર સુધી પુહચી ગયા હતા.

તેમનો ધ્યેય આ સમૂહ સમિતિ ની બંધારણને આધારે જે મિટિંગ હતી તેને અટકાવી વાત રાફે દફે કરવાનો હતો. અને એમ જો થાય તો પછી નવા રાષ્ટ્પતિની ચૂંટણી ના પરિણામો જાહેર કરવાનું લાંબા સમય સુધી મોકૂફ રહે અને ફરી પછી ચૂંટણીમાટેના રાજકીય દાવ પેચો માટે સમય મળી રહે. આ તોફાની ટોળાં ખાસ કરીને ટ્રમ્પના પોતાના જ પક્ષના કેટલાક સેનેટોરો ને શોધતા હતા અને તે ઉપરાં તેના પોતાનાજ ઉપ પ્રમુખને પક્ષી અને મારી નાખવા માંગતા હતા કારણકે તે બધા ટ્રમ્પ ની વિરિદ્ધ માં વોટ આપવાના હતા. આ તોફાની ટોળાંએ મકાનમાં ખાસું નુકશાન કર્યું અને ઓફિસોમાં જય અગત્યના કાગળો પણ ચોરી લીધાનું જાણવા મળે છે. બે પાઈપ બૉમ્બ પણ મુખ્ય હતા. કહેવાય છે કે સેક્યુરીટી વાલા ને આ તોફાન થવાની ની જાણ હતી.

આ તોફાની ટોળાંમાં ભારતીય જનતા પક્ષના સહયોગીઓ પણ હતા અને તે ભારતનો ત્રિરંગો લહેરાવતા પણ વિડીઓમાં જોવા મળ્યા હતા. જે શરમ જનક છે. આજે અમેરિકાની લોકશાઇ ઉપરના હુમલામાં ભારતનો ત્રિરંગો અને તેય ભાજપા ના સહયોગી પાસે, એ ખરેખર તો ભારતનું નામ બાદમાં કાર્ય બરાબર જ છે. આ ટોળાઓમાં અમેરિકાની સ્વાતંત્રતા વિરીધી તત્વો પણ તેમના ઝંડા લઈને આવીગયા હતા તે એક ઐતિહાસિક દ્રષ્ટિએ યાદ રાખવા જેવી છે.

નોંધવા જેવી એ વાત છે કે આ ટોળામાં મોટે ભાગે જે લોકો હતા તે 'વ્હાઇટ સુપ્રીમસી' માં માનનારા હતા. આ વ્હાઈટ સુપ્રીમસી માનસિકતા વાળા લોકો એમ માને છે કે જે લોકો સફેદ ચામડી અને ક્રિશ્રયન ધર્મમાં માને છે તે સૌથી ઉંચી કોમ અને બીજી બધી તેમનાથી નીચે તુચ્છ છે. અને સત્તા તો તેમના હાથમાં જ રેહવી જોઈએ. આજ વિચારધારા જર્મનીમાં હિટલર ની હટી કે જે છ ફુટ ઉંચાઈ, સોનેરી વાળ, ઉજળી ધોળી ચામડી અને આર્યન કોમના વંશજાણના હોય તેમને માટેજ આ દેશ છે અને તેમને જ રાજ્ય કરવાનો અધિકારછે. જેનો પડછાયો આજે હિન્દુત્વ રાજકીય વિચાર ધારામાં જોવા મળશે. આશ્ચર્ય ના લગાડસેઓ, કારણકે ગુરુ ગોલવલકર અને સાવરકર જેવા ભાજપના પૂર્વજ નેતાઓ લોકો આ જર્મનનીના હિટલરની સત્તા દરમયાન પણ એએવી જ માન્યતામાં જીવતા હતા જે તેમના લાખણોમાંથી મળી આવે છે. તે લોકો હિટલર ની વિચારધારા ને માં આપતા હતા. આમાં જે લોકો ઉંડા ઉતરતા હોય છે તેને રાઈટ વિંગ એક્ષટ્રીમિસ્ટ વિચારધારા વાળમાં ગણાવામાં આવે છે. અમેરિકામાં ખતરનાક ગ્રુપ્સ માં કુ. કક્ષ. ક્લાન, સ્કેન હેડ અને બીજા નામોથી જાણકાર છે તે ખાનગીમાં બીજી કોમોની વિરુદ્ધ કામ કરે છે થેમને મારી પણ નાખેછે. કોર્ટ પણ તેવા ગુન્હા ડાબી દેછે. બ્રિટન માં નેશનલ ફ્રોન્ટ અને રાજકીય બી.એન.પી જેવા સંગઠનો પણ જાણકાર છે. આ લોકોમાં વકીલો, ન્યાયધિશો અને પોલીસ સહીત તેમની સહમતી દશાવતા બીજી અન્ય સરકારી સંસ્થાઓમાં ચુપચાપ બેસી પ્રચાર કરતા હોઈ છે. અને પોતાના સંઘનું કામ કરતા હોયછે. જર્મનીમાં આવા ગ્રુપોનો હિટલર યહૂદીઓને અને જે તેનો વિરિદ્ધ કરે તેને રંઝાડવામાટે ઉપયોગ કરતો હતો. ટ્રમ્પ પાસે બેસુમાર સત્તા હતી અને પોતે પણ અબજો પતિ હતો તેથી માથાનો પારો ઘમંડ થી ભરેલો હતો અને દરેક ને તેની સામે માથું અને આખો નીચું કરીને કામ કરવતો એમ કહેવાય છે.

જયારે અમેરિકાના બન્ધારણ ઉપર અને લોકસભા ઉપર આંતરીકે આતંકી હુમલો થયો તેના જબદાર ટ્રેમ્પ જ ગણાય છે એમ ત્યાંના મોટા ભાગના લોકો અને સમાચાર પત્રોનું માનવી છે. આ બતાવે છે કે લોકશાઈમાં બંધારણ અને ન્યયાલય અને પોલીસે જેવા તંત્રો ની સ્વાતંત્રતા ની કેટલી જરૂરિયાત છે. જો આ તંત્રો રાજકીય નેતા કે પક્ષના આધીન થઈ જાય તો સમાજ માં તેમના જોર માટે એક તાંડવઃ નૃત્ય કરતા અચકાતા નથી, જેને રોકનાર પછી કોઈ રહેતું નથી.

આ ટ્રામના ચઢાવેલા તોફાની ટોળાં જયારે પુરા જોશમાં રાણે ચડ્યા હતા ત્યારે ટ્રમ્પ આરામથી વ્હીટ હાઉસમાં બેસી ટીવી પાર બધું જોતો હતો. તેના સલાહકારો તેને વારંવાર વિનંતી કરતા હતા કે હવે તો સેક્યુરીટી ની ફોજને ઓર્ડર તો આપો! પણ ભાઈ તો સત્તા કેવી રીતે જાળવી રાખવી તેમાં મશગુલ હતા. આ કેપિટલ બિલ્ડીગ તેના સેનેટરો અને કામ કરનારા લોકોની સલામતી તેની જાબદાર હતી. એથી પણ વધારે તો લોકશાઈમાં બંધારણ મુજબ પાર્લામેન્ટની કાર્યહિ થાય તેની જવાબદાર પણ રાષ્ટ્રપતિની જ કહેવાય. છેવટે વિરિદ્ધ પક્ષના ચૂંટાયેલા જો બાઈડને જાહેરમાં શાંતિમાં તે અપીલ કરી અને ટ્રમ્પના પોતાના ઉપરાષ્ટ્રપતિએ પણ તેની ઉપરવટ જઈને નેશનલ ગાર્ડ્સ ની ફોજને ઓર્ડર આપી બોલાવવા નોતરું આપ્યુ હતું.

આટલી જાણી જોઈને બેદરકારી વચ્ચે, સેનેટરો અને તેમાં કાર્યકરોને ત્યાંના થોડા ઘણા કાર્યકારતોએ એ આ પાર્લામેન્ટના અજાણ્યા વિભાગમાં તેમના બચાવ માટે સંતાડી તેમનો જીવ બચાવ્યો હતો. પછી જયારે પોલીસ આવી આખા મકાનનો કબ્જો લીધો અને સેનેટરો પાછા ભેગા થઇ ચૂંટણીના પરિણામોને સહમતી આપી અને તેમની બંધારણીય જવાબદાર પૂરીકરી છૂટ્યા. ત્યાર પછી જાણે આ ટ્રમ્પ ઉંઘમાંથી જાગી લોકોને શાંતિ પૂર્વક પોતપોતાને ઘરે જવા નો ઉદેશ દેવા મંડ્યા હતા. આ બધામાં કામનસીબે બિચારા કુલ છ લોકોની મોત થઇ હતી. પણ તે દિવસે લોકશાઇનું ખૂન કરવાના પ્રયત્નો માટે ત્યાંના જ રાષ્ટ્રપતિ પોતે જ પ્રોત્સાહન આપતા હતા. ટ્રમ્પ માટે ઈતિહાસમાં લખાશે કે ત્યાંની લોકશાની માં પાર્લામેન્ટ માં ચાલતી બંધારણીય રીતે ચાલતા કાર્યને અટકાવવા અને ચૂંટાયેલા લોકોના જીવને ખારામાં મુકવા માટે આ રાષ્ટ્રપતિએ એક દેશદ્રોહ કર્યો હતો.

ભારત માટે આ એક પ્રસંગ, ભલે હજારો માઈલ દૂર હોય, પણ એક અગત્ત્યતનો પાઠ મુકતો જાય છે. જો ભારતને વિશ્વગુરુ બનવાનો બહુજ શોખ રાખવો હૉય તો તે પણ સમજવું જરૂરી છે કે લોકશાહીની સુરિક્ષત માટે આપણી લોકસભા અને તેમાં ચાલતી બંધારણી કાર્યવાહી ને કોઈ ટોચ આવવી ન જોઈએ.

બંધારણ અને લોક્સભાની કાર્યવાહી સત્તાના મદમાં માસ્ટ થયેલા સેલ્ફ ઈમ્પોર્ટન્સ ના ઈમેજ બનાવનારા તાનાશાહીઓન હાથમાં આવતા, કોઈ ક્યાં તો સત્તાના જોર તો કોઈ પૈસાના યા ડરધમકીઓના દાવ પેચથી બધું કાબુ કરી એકહથ્થું સત્તા ચલાવવાના સ્વપ્ન રાખે છે. લગભગ ૧૦૦ વરસો પેહલા જર્મનીમાં લોકશાઈનો ઉપયોગ કરી હિટલર સત્તા ઉપર આવ્યો હતો તેની વિચારધારામાં આર્યન સમાજ એક સુપ્રીમ રઈસ છે એમ હતું અને ફક્ત આ આર્યન લોકોને માટે જ દેશ છે અને સત્તા માં રહેવાનો તેમનો જન્મ સિદ્ધ અધિકાર છે. આવીજ રીતે, આજ પ્રકારની માનસિકતા મેરિકામાં આ ટ્રંપે વ્હાઇટ સુપ્રીમસી માટે છે. અને તેને પોતાની સત્તાનો ઉપયોગ કર્યા નો દાખલો તેમના આ તોફાની ટોળામાં દેખાય છે. અમેરિકામાં સમજદાર લોકોએ અને ન્યાયાલયોએ લોકશાહીની જીત ફરી પછી કાયમ કરી છે. જયારે કોઈ એક કોમ, જ્ઞાતિ કે ધર્મે સર્વથી ઉપર છે એમ માની પુરી સત્તા મળી જાય તો જોત જોતામાં ન્યાય, કાયદા કાનનું ને પોતાન હાથની કટપુતલી બનવી લોકશાહીની ખુલ્લે દહાડે ખૂન કરી શકે છે. એટલે જ આપણા પૂર્વ નેતા કહી ગયા છે કે લોકશીહી જીવિત રાખવી હોય તો બંધારણ ને કોમવાદ અને ધાર્મિક રાજકારણથી જેટલું દૂર રખાય તેટલું સારું છે. અને ખાસ કરી ધર્મ અને રાજકારણે તો તો મિક્સ કરાય નહિ. દુનિયામાં જે જે દેશોમાં ધામના નામે રાજકીય સત્તા ચલાવાઈ છે ત્યાં લોકોને પેટમાં શાંતિનું પાણી નસીબ નથી થયું. આજે આરબ જીવદેશોમાં પુષ્કળ લોકવિડ ગીલ્ડ છે પણ તેનો રાજકીય અને વેપારી ફાયદો પરદેશિયો કે પૈસાદારો જ લે છે.

બુદ્ધદેવ પંડ્યા યુ કે

# માતાની આંખો સામે સગીરાનું અપહરણ થતા માતા બેબાકળી બની

અરવલ્લી બ્યુરો મોડાસા

અરવલ્લી જીલ્લામાં યુવતીઓ અને સગીરાના અપહરણના બનાવોમાં નોંધપાત્ર વધારો થતા લોકોમાં ફફડાટ ફેલાયો છે શામળાજી પંથકમાં પોલીસતંત્ર કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જાળવવામાં ઉણી ઉતરી હોય તેવા દ્રશ્યો ઠેર ઠેર સામે આવી રહ્યા છે ભિલોડામાંથી યુવતીના અપહરણની ઘટનાની શાહી સુકાઈ નથી ત્યારે વધુ એક સગીરાનું અપહરણની ઘટના સામે આવી છે હિંમતનગર થી ભિલોડાના ગ્રામ્ય વિસ્તારમાં વતન જવા નીકળેલ માતા અને પુત્રી શામળાજી બસ સ્ટેન્ડ રોડ પરથી પસાર થતા હતા ત્યારે ઓડ ગામનો યુવક અન્ય એક શખ્શ સાથે મળી સગીરાનું બાઈક પર અપહરણ કરી ફરાર થઈ જતા ભારે ચકચાર મચી હતી પુત્રીનું આંખો સામે અપહરણ થતા માતાએ બૂમાબૂમ કરી મૂકી હતી પુત્રીનું બાઈક પર અપહરણ થતા તેની માતાએ શામળાજી પોલીસ સ્ટેશનમાં ઓડ ગામના કીરણ પ્રકાશ ગામેતી અને તેના સાગરીત સામે ગુન્હો નોંધાવતા પોલીસે પોક્સો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ભિલોડાના ગ્રામ્ય વિસ્તારનો એક પરિવાર હિંમતનગર સહકારી ચાર રસ્તા પર ખાનગી કંપનીમાં નોકરી કરી જીવનનિર્વાહ ચલાવી રહ્યો છે સોમવારે વતનમાં કામકાજ હોવાથી પુત્રી અને માતા સવારે ૮ વાગે ઘરેથી નીકળ્યા હતા શામળાજી બસ સ્ટેન્ડ નજીક રોડ પરથી પસાર થતા હતા ત્યારે ઓડ ગામનો કિરણ પ્રકાશ ગામેતી નામનો યુવક અન્ય એક શખ્સ સાથે બાઈક પર પહોંચી સગીરાનું બાઈક પર અપહરણ કરી રફુચક્કર થતા સગીરાની માતા સુન્ન થઇ ગઈ હતી શામળાજી બસ સ્ટેન્ડ નજીકથી સગીરાનું અપહરણ થતા બુમાબુમ કરતા લોકો દોડી આવ્યા હતા આખરે પોતાની દીકરીનું ધોળા દહાડે અપહરણ થતા પરિવારજનોને જાણ કરતા પરિવારજનો અને સગા-સબંધી શામળાજી દોડી આવ્યા હતા અને અપહત્ય યુવતીની શોધખોળ હાથધરી હતી

શામળાજી બસ સ્ટેન્ડ નજીક રોડ પરથી સગીરાને બે શખ્શો બાઈક પર ઉઠાવી જતા શામળાજી પોલીસ પણ ઘટનાસ્થળે દોડી આવી હતી શામળાજી પોલીસે અપહરણ થયેલ સગીરાની માતાની ફરિયાદના આધારે કીરણ પ્રકાશ ગામેતી (રહે,ઓડ,ભિલોડા)અને અજાણ્યા બાઈક ચાલક વિરુદ્ધ પોક્સો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી

# કમલમ હવે કમલમ રેંકડીએ, લારીઓમાં અને છાબડીએ નંગના ભાવે વેચાશેઃજયરાજસિંહ

દેશ બદલવા નીકળેલા લોકો દેશની બદલાતી ભુગોળની ચિંતા કરવાના બદલે નામ બદલીને બદલો લેવાનો સંતોષ માણી રહ્યા છે. શહેરો , ગલીઓ , અને યોજનાઓના નામ બદલનાર ભાજપના ગુજરાતના મુખ્યમંત્રીએ તો ચાઈનીઝ ફ્રુટનું નામ × ડ્રેગન × થી બદલી × કમલમ × કરી નાખ્યુ.

હેલ્મેટ પહેરાવું કે નહી પહેરવું જેવા સામાન્ય કાયદાને લાગુ કરવામાં આઘા પાછા થતા વિજયભાઈએ ડ્રેગનને આઘુ કરી ચીનને પાછુ પાડી દીધુ હોય તેવા હરખાઈ રહ્યા છે . પરંતુ નોરતાના વેકેશન, શાળાઓ ખોલવાના , પરિક્ષા લેવાના , ઉતરાયણ ઉજવવાના , રથયાત્રા કાઢવાના , ધમણ ને વેન્ટિલેટર સાબિત કરવાના નિર્ણયમાં વારંવાર બોલીને ફરી જતા અને × યુ ટર્ન × મારવા ટેવાયેલા મુખ્યમંત્રીએ ચાઈનીઝ ફ્રૂટ × ડ્રેગન×ને × કમલમ × માં ખપાવી દેવાના નિર્ણય પર પણ યુ ટર્ન મારવો પડશે કેમ કે ચીનને જવાબ આપવા જતા કમલમ પર જ સવાલ ઉભા થયા છે .

હવે કમલમ રેંકડીએ અને છાબડીએ નંગના ભાવે વેચાશે ત્યારે ચાઈનાનું તો ઠીક જે થવું હશે તે થશે પણ ભાજપના કાર્યકરની શી વલે થશે એ વિચાર્યુ છે ? જે કમલમમાં બેસી આખાય રાજ્યની રણનીતિ ઘડાતી હોય તે કમલમ શાકની લારીએ સો-બસો ના ભાવે વેચાશે. કમલમના કંઈ સો રૂપીયા હોતા હોય ? અલ્યા, આ કમલમ તો સડેલુ છે ,

આપવુ હોય તો સો માં બે કમલમ આપ નહીતર લારીએ પડ્યુ પડ્યુ સડી જશે આવા ડાયલોગ મહિલાઓના મોઢે સાંભળી સાંભળી ભક્તોની મનોદશા શું થશે એનો વિચાર વિજયભાઈએ કર્યો હોય તેવુ લાગતુ નથી .

કોંગ્રેસના ધારાસભ્યોને લાખો કરોડોમાં ખરીદી જે કમલમના આંગણે પોંખાય છે એ કમલમ ખુદ સો-બસો ના ભાવે પીંખી નાખ્યુ હોય તેવુ નથી લાગતુ

ડોકલામ, અરૂણાચલ, લદ્દાખ જેવા વિસ્તારોમાં ચીનના સરહદી અતિક્રમણ પર કેન્દ્રની મોદી સરકારની થઈ રહેલી ટીકાઓ વચ્ચે ગુજરાતના મુખ્યમંત્રી કાહુ કાઢવા જતા આખાય કમલમની કુરબાની દઈ દીધી. ખરેખર તો ચાઈનીઝ ફ્રૂટનું નામ ડ્રેગન જ રાખ્યુ હોત તો તેના ચપ્પાથી બે ફાડીયા કરવાના સામુહીક કાર્યક્રમો આપી ચીનને જડબાતોડ જવાબ આપ્યાનો સંતોષ ભાજપ મેળવી શક્યું હોત. મીસકોલીયા સભ્યોને ડ્રેગનને બચકા અને ડૂચા ભરવા ઉશ્કેરી દેશ ભક્તિનો પારો ચઢાવી શકાત. વિજયભાઈએ તો ઉલ્ટુ કર્યુ .

હવે કમલમને કાપતા, બચકા ભરતા ભક્તોનો જીવ કેમ ચાલશે ?

રીવરફ્રન્ટ પર ગુજરાતના લોકોના ટેક્ષના પૈસે જીનપીંગને ઝુલે ઝુલાવનાર મોદીજી સાથે થયેલા દગાનો બદલો લેવા જતા વિજયભાઈએ કમલમનું કાચુ કાપ્યુ . પાકીસ્તાનના ઈંદીરાજીએ બે ટુકડા કર્યા હતા જયારે મોદીજી પાકીસ્તાની કેકના ટુકડે ટુકડા કરી પાછા ફર્યા હતા એનો ઈતિહાસ સાક્ષી છે. કમસેકમ રૂપાણી સાહેબ ચીનના અવેજમા ડ્રેગન ફ્રૂટ ના બે ટુકડા કરી શકતા , પરંતુ તક ગુમાવી દીધી .

ચીન સતત સરહદે અતિક્રમણ કરી રહ્યુ છે, ગામ અને કોલોનીઓ વસાવી રહ્યુ છે અને ભાજપ નામ ભુસી નામ લખવાની છોકરમત કરી રહ્યુ છે . ચાઈના આપણો મેપ બગાડે અને મોદીજી × ચાઈનીઝ એપ × ઉડાડે અને રૂપાણીજી નામ ઉડાડે.

રાજનીતિમાં × ફૂટનીતિ × સાંભળી હતી પણ રૂપાણી સાહેબની × ફ્રૂટનીતિ × નવી આવી.

ચીન જો આવી કુટનીતિથી ગભરાવાનું હોય તો ભવિષ્યમાં ચાઈનીઝ નુડલ્સ ને દીનદયાલ સેવ, મન્ચ્યુરીયન ને ગોલવલકર વીથ ગ્રેવી, ફ્રાઈડ ચાઈનીઝ રાઈસ ને શ્યામાપ્રસાદ ભાત જેવા નામ સાંભળવા મળશે અને ભાજપ ચાઈનાનું નામ મીટાવી દઈને જ જંપશે. કચ્છની મીઠી ખારેકથી બદનામ થયેલું ભાજપ મીઠી ખારેકનું નામ બદલાનું પણ વિચારી શકે. નાગપુરી સંતરાનું નામ પણ કમલમ કરી શક્યા હોત પરંતુ આજે સંતરુ પણ નારાજ થશે કેમ કે આટલા વર્ષોની વફાદારીનું આ વળતર ?

અમદાવાદનું નામ બદલી કર્ણાવતી કરવાનું વચન આપી સત્તામાં આવનાર ભાજપ હવે ફળ અને શાકભાજીના નામ બદલી રાજકીય મનોરંજન પુરૂ પાડી રહી છે .

CYMK

ન્યુઝ ઓફ ગાંધીનગર.



# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ

ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ મેમ્બરો ની પાંચ ગધ રચનાઓ..અખબાર,,ન્યૂઝ પોર્ટલ,સાહિત્ય સરિતા ગ્રુપ.સમાચારો.ઓડિયો .વિડિયો મોકલવા સંપર્ક કરો.

www. janfariyadnews.com
Email:
prdpraval42@gmail.com
What's up calling :
9824653073

-----------------------------------

NOG SS NO : 0040
પ્રકાર : ગધ
વિષયઃ ઉત્તરાયણ
શીર્ષક : પટકાયેલો પતંગઃ ખરી ઉત્તરાયણ!

"કાયપો છે!", નાં નારા ધાબા પરથી સંભળાય રહ્યાં હતાં. આજે તો ઉત્તરાયણની રજા હતી મગનકાકાને; માનસિક થાક પણ ઘણો હતો પરંતુ જેવી આંખો મીચે કે મન ચગડોળે ચઢી જતું અને ન આવવાનાં વિચારો આવ્યા કરતાં. રૂપિયાની કોઈ કમી ન હતી, એકનો એક દીકરો જયેશ, ભણવામાં હોંશિયાર ખરો, પણ પૈસાનો પાવર ને થોડી છૂટછાટ મળતા ઊંધે રવાડે ચડી ગયો હતો. મીનાકાકીને તો બાપ-દીકરો એકેય ગાંઠતા નહીં અને કદાચ એટલે જ આ દિવસ જોવાનો વારો આવ્યો. ઈચ્છા તો ન હતી તેમ છતાં મન બીજે પરોવાય એટલે મગનકાકા જયેશને પરાણે લઈ ધાબે ચઢ્યાં. નવાં પાડોશી રાજેશભાઈ પણ દીકરા રાહીલ સાથે ત્યાં જ હતાં; દીકરાને પતંગ ચગાવતાં શિખવાડતાં હતાં. મગનકાકા અને જયેશ ધ્યાનથી એમને નિહાળી રહ્યાં. "લે બેટા, પતંગ પકડીને સામે છેડે જા, હું આ છેડે માંજો પકડીને ઊભો રહું, હું કહું એટલે બે હાથમાં પતંગ સરખો ઉપર પકડી અધ્ધર જવા દેજે" રાજેશભાઈએ દીકરા રાહીલને સૂચન કર્યું. રાહીલે જેવો પતંગ અધ્ધર ઉપાડ્યો, કે થોડી જ ક્ષણોમાં રાજેશભાઈએ પતંગ ક્યાંય ઊંચે ચડાવી દીધો. રાહીલ તો રાજી-રાજી થઈ ગયો અને કહ્યું, "પપ્પા હવે માંજો મને આપી દો, થોડી ઢીલ આપોને તો હજી ચઢે." " ના બેટા, તું તારે આગળથી માંજો પકડ પણ હમણાં તો પાછળથી હું નહીં છોડું; માંજો ધારદાર છે ને હજી હમણાં તો પતંગ ચઢ્યો છે, જેટલી ઢીલ આપીએ એટલો આગળ જાય. પણ એને સ્થિર થવા ટીચકી મારવી પડે ને વળી જેટલો ઉપર જાય તેમ દોરી ભારે થતી જાય એટલે એના પર પણ લગામ રાખવી પડે. એમ ને એમ જવા દઈએને તો કપાય તો'ય ખબર ના પડે અને દિશાહીન થઈ ક્યાંક ઊંધે માથે પટકાઈ જાય" આમ વાતો કરતાં કરતાં રાજેશભાઇ અને રાહીલ બંન્ને હસી પડ્યાં. રાજેશભાઈ અને રાહીલનો પતંગ ઊંચે સ્થિર વિહરી રહ્યો પણ મગનકાકા અને જયેશના મનનો પતંગ બરાબર ઊંધે માથે પટકાયો ને જાણે એક ચમકારો થયો. બંન્નેએ એકબીજાં તરફ જોયું; આંખો છલકાઈ ગઈ અને ખરી ઉત્તરાયણ ઊજવાઈ ગઈ!

વૈશાલી મહેતા.

-----------------------------------

NOG SS No/022
વિષય : ઉતરાણ
વિભાગ : ગધ
પ્રકાર : વાર્તા
શીર્ષક : સ્વીકાર

અવની બારીમાંથી બહાર જોઈ રહી હતી. સંપૂર્ણ આકાશ રંગબેરંગી પતંગોથી છવાયેલું હતું. ચારે તરફ કાયપો છે નો શોરબકોર થઈ રહ્યો હતો.

પાછળથી નાનો અમન આવ્યો અને તેનો હાથ પકડીને બોલ્યો,"ફીયા, ઉપર ચાલો ને બહુ મજા આવી રહી છે. મમ્મી તમને બોલાવે છે."

અવનીએ ધીમેથી હાથ છોડાવ્યો અને કહ્યું,"મારી તબિયત સારી નથી. હું અહીંથી જોઈ રહી છું. જો પેલો પતંગ કપાયો."

તેનું વાક્ય પૂરું થાય તે પહેલાં જ અમન ઝડપથી પગથિયાં ચડવા લાગ્યો. કપાયેલા પતંગને જોઈને અવની વિચારવા લાગી, તેનું જીવન પણ તે પતંગ જેવું થઈ ગયું હતું. ગઈકાલે ટીવી ઉપર કોઈ જૈન મુનિનું પ્રવચન સાંભળ્યા બાદ તે મનોમંથન કરવા લાગી અને તેને પોતાની ભૂલો દેખાવા લાગી હતી.

આકાશ સાથે પ્રેમલગ્ન કરીને અવની તેના ઘરે ગઈ. પણ થોડાં જ દિવસમાં તેને લાગવા લાગ્યું કે તેણે ભૂલ કરી છે. તે સુખ સાહ્યબીમાં ઊછરેલી હતી અને આકાશ મધ્યમવર્ગીય પરિવારનું સંતાન હતો. આકાશ એક પ્રાઈવેટ કંપનીમાં કામ કરતો હતો અને અવનીના શોખ પૂરાં કરવા માટે ટૂંકો હતો. ધીમેધીમે અવનીનો સ્વભાવ ચીડિયો બની ગયો અને તે વાતવાતમાં ઝગડવા લાગી. તે પોતાની સાસુને ઊતારી પાડવામાં પણ આગળપાછળ ન જોતી. હજી પાછલી ઉતરાણ વખતે તેના સાસુ ધીમે ધીમે પગથિયાં ચડીને ધાબે આવ્યાં તે સમયે બોલી હતી,"ડોસીનો શોખ હજી પૂરો નથી થયો." અવની અને આકાશના ઝઘડાં છુટાછેડા સુધી પહોંચી ગયા. અવની પોતાની જગ્યાએથી ઊભી થઈ અને તેના પગ અગાસી તરફ વળ્યા. તે જૈન મુનિનું પ્રવચન યાદ કરવા લાગી."પોતાની સાથે છે તેની નબળાઈનો સ્વીકાર કરશો તો તમારી અંદર કોઈ દુઃખની લાગણી નહી પ્રગટે." તે વિચારવા લાગી કે આકાશ તો તેને દિલ ફાડીને પ્રેમ કરતો હતો તો પછી તે તેનો સ્વીકાર કેમ ન કરી શકી?

અગાસી ઉપર પહોંચીને જોયું કે તેનો ભાઈ પતંગ ચગાવી રહ્યો છે અને ભાભી ફીરકી પકડીને ઉભાં હતાં અને તેનાં મમ્મી-પપ્પા ખુરસીમાં ગોઠવાયેલાં હતાં. અમન ગીતના તાલે નાચી રહ્યો હતો.

તે ઝડપથી નીચે ઉતરી અને સ્કુટીની ચાવી લઈને બહાર નીકળી.

જ્યોતિન્દ્ર દિનેશચંદ્ર મહેતા, પાલઘર

સાહિત્ય સરિતા (૧)
NOG. SS No. 0029
વિભાગઃગધ
વિષયઃ ઉત્તરાયણ
વાર્તા શીર્ષકઃ "વળતર"

"વળતર"

મા-બાપ વગરની રમલીને શેઠને ત્યાં કામમાં જીવ નહોતો ચોંટતો.

" ઝટ દઇને આ પોતું મારી દઉં પછી નાનકા સાથે પતંગ લૂંટવા જવાય. નાનકો મારી રાહ જોતો હશે. મા-બાપુ તો પતંગ અપાવવા આવવાના નહીં. એ બેય તો પોતે જ આકાશમાં તારા થઈ ગયાં છે. હવે તો મને નાનકાનો સહારો અને એને મારો. પણ આ મસમોટા ઘરનું કામેય મસમોટું અને શેઠાણીબા ચીકણા ય બહુ તે કોઈ દિવસ સમજે નહીં કે મારેય ઘેર વહેલું જવું હોય. ભાઈલો રાહ જોતો હશે."

હજી તો રમલી પોતું મારતી હતી ત્યાં શેઠાણીએ કહ્યું,

"રમલી, અગાશી ચોખ્ખીચણક કરી નાખજે હોં! ઉત્તરાયણને દિવસે બધાં મહેમાન આવવાનાં છે."

રમલીને ધ્રાસ્કો પડ્યો.

"અરરરર! વળી કલાક મોડું થશે."

ઉતાવળે ઉતાવળે કામ પતાવીને ઉપરની સીડી પરથી ઉતરતાં પગ લપસ્યો. આંખ આગળ અંધારું છવાતું જતું હતું. માત્ર નાનકો જ દેખાતો હતો.

ઉત્તરયણના દિવસે નાનકાને પતંગ ચગાવતાં રમલીની બહુ યાદ આવતી હતી,

"આજ રમલી હોત તો પતંગ ચગાવવાની વધુ મજા આવત."

પછી તરત જ મનમાં એક અલગ ભાવ આવ્યો.

"પણ..

રમલી હોત તો હજી પતંગ લૂંટવાનું જ ચાલતું હોત ને! શેઠે વળતર આપ્યું તે પહેલી વાર પતંગ ખરીદીને ચગાવવાનો મેળ પડ્યો."

ફરી તરત મનમાં ગુનાની લાગણી થઈ આવી,

"અરે પણ રમલી હોય એ વધુ અગત્યનું નહીં? એમ કાંઈ મરી જવાની જરુર નહોતી. પતંગ તો અમે લૂંટીનેય ચગાવતાં જ હતાં ને!"

રમલીના ફોટા સામે નાનકો હાથમાં પતંગ અને ફીરકી લઈને હજી અસમંજસમાં ઉભો હતો.

"આ એકલાં એકલાં કાંઇ મજા નથી આવતી."

-લીના વછરાજાની.

-----------------------------------

NOG.SS No :-0072
વિષય : સગાઈ
શીર્ષક : તમારી અને મારી દિલ ની સગાઈ
પ્રકાર : લેખ

જીવનમાં ક્યારે પણ મહત્વાકાંક્ષી ન હતી હું , જ્યારે પણ જે મળ્યું ઉપરવાળા નુ વરદાન માની સહર્ષ સ્વીકાર કર્યો.

પણ એક અતૂટ વિશ્વાસ હતો અને છે કે, મારા કરતાં વધારે પ્રભુને મારી ચિંતા છે.

આ જ ભાવ સાથે અનિકેત , મેં તમારો પ્રસ્તાવ સ્વીકાર કર્યો.

જ્યારે તમે મારો હાથ થામ્યો ત્યારે અનેક વચનો વિના બોલે આપ્યાં

કે હવે તમારો અને મારો રસ્તો એક રહેશે .

એક વિશ્વાસ આપ્યો કે મારાં માન અને સન્માન સાચવવાની જવાબદારી તમે રાખશો.

એક આશ્વાસન કે આજથી તમારો અને મારો પરિવાર એક જ છે.

તથા એક વચન કે આજનાં દિવસથી જીવનનાં છેલ્લાં દિવસ સુધીના સફરમાં હમસફર ફક્ત હું જ રહીશ .

એક નાનકડી વીટીએ જીવનભરનાં સંગાથનો સંકેત આપ્યો.

આ તમારા અને મારા દિલ ની સગાઈમાં સાક્ષી મારો ઇશ્વર છે જેથી આ સાથ શાશ્વત છે એ તો નક્કી છે.

શિવાંગી પટેલ ,શિવા, અમદાવાદ

-----------------------------------

NGO SS no.0007
વિભાગ : ગધ
શીર્ષક : છૂટાછેડા

મેટ્રીમોનીયલ કોલમમાં બાયોડેટામાં 'છૂટાછેડા લીધેલ છે.' વાંચીએ એટલે તરત જ આપણી આંખો ઝીણી થઈ જાય, કપાળ પર તરત જ કરચલી પડી જાય અને મગજમાં અનેક પ્રશ્નો ઉદ્ભવે. છૂટાછેડા ચાર અક્ષરનો શબ્દ મોઢામાંથી ઉચ્ચારતી વખતે પણ આપણાં બે હોઠને છૂટાં પાડે છે. આ શબ્દ જ એવો છે. સમાજનાં અનેક ગંભીર પ્રશ્નોમાં સૌથી ઉપરનાં સ્થાન પર પ્રશ્ન હોય તો એ છૂટાછેડાનો છે. આમ જોવા જઈએ તો છૂટાછેડા લેવા એટલે, જ્યારે બે વ્યક્તિઓ વચ્ચે મતભેદમાંથી મનભેદ થાય, એકબીજા માટે જ્યારે સન્માન આપવાની લાગણીઓ સૂકાઈ જાય, એકબીજાં માટેની સંવેદનાઓ કાયમ માટે મૃત પામે, એકબીજાંના સહવાસમાં માત્ર ભાર જ લાગે, પોતાની નાની નાની વાતો છૂપાવવી પડે.......! ત્યાં સુધી કે પોતાનાં મોબાઈલનો પાસવર્ડ પણ એકબીજાં સાથે શેર ન કરીએ; ત્યારે મારું માનવું છે કે એ બંને વ્યક્તિએ એકબીજાંની સહમતીથી છૂટાં પડી જવું જોઈએ. પરંતુ હવે પ્રશ્ન એ ઉદ્ભવે છે કે પ્રેમ વિવાહ હોય કે અરેન્જડ મેરેજ,લગ્ન કરતાં પહેલાં આપણે એક મન બનાવી લેતાં હોઈએ છીએ કે સામેવાળી વ્યક્તિ મારા માટે પરફેક્ટ છે અને મારે હવે આગળનું જીવન આ વ્યક્તિ સાથે વીતાવવું છે. જો ત્યારે એ મન બનાવી લીધું હોય તો પછી લગ્નના એક-બે વર્ષમાં એવું તે શું થાય છે કે બંને વ્યક્તિઓ છૂટાં પડવા હવાતિયાં મારવા માંડે છે? તો મારું માનવું છે કે છૂટાછેડા લેવા પાછળ જો કોઈ પરિબળ કામ કરતાં હોય તો એ છે અહમ અથવા એકબીજાંનાં પરિવારના સભ્યો અથવા આર્થિક સધ્ધરતા. ઘણીવાર જોવામાં આવ્યું છે કે છોકરીઓ આર્થિક રીતે સદ્ધર હોય અને ઉંમરલાયક થાય એટલે માતા-પિતા પોતે જ એવું શીખવતાં હોય છે કે ''કંઈ કોઈની સાડીબારી રાખવાની જરૂર નથી, કહી દેવાનું તારાં સાસરાવાળાને. પરણાવીને મોકલાવી છે કંઈ ગુલામ થોડી છે.'' "અહીંની પ્રોપર્ટીમાં મારો પૂરો અધિકાર છે'' વગેરે વગેરે.આ અને આવી અનેક માનસિકતા સાથે આજનાં માતાપિતા પોતાની દીકરીઓને ઉછેરે છે. તેવી જ રીતે સામે પક્ષે વહુ નોકરી કરતી જોઈએ છે પરંતુ સાથે સાથે જાહેરાતમાં લખે, 'ગોરી,ઊંચી, ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરેલી, પ્રોફેશનલ, સુશીલ, સંસ્કારી, ઘરરખ્ખુ કન્યા જોઈએ છે.' હવે તમે જ કહો કે આ બે વિરોધાભાસ હોય એક તો પ્રોફેશનલ અને પાછી ઘરરખ્ખુ..........! એવી પુત્રવધુ તમને કેવી રીતે મળશે? ઉચ્ચ શિક્ષણ મેળવેલી કન્યા સવારના નવ થી સાંજના પાંચ કે છ વાગ્યા સુધી સતત આઠ થી નવ કલાક ઓફિસમાં કામ કરે અને મુંબઈ જેવા શહેરમાં ટ્રેનમાં, બસમાં કે પછી ટેક્સીમાં ટ્રાફિકમાં અટવાતી, કૂટાતી રાત્રે ૯:૦૦ વાગે ઘરે આવે અને એની પાસેથી અપેક્ષા રાખવામાં આવે છે કે ઘરે આવીને રસોઈ બનાવે અને બધાંને ગરમ-ગરમ જમાડે. જે તદ્દન અશક્ય છે.આવી પરિસ્થિતિમાં ઘરના સભ્યોની ઈચ્છાઓ પૂરી ન થાય ત્યારે ઘરમાં કંકાસ, અશાંતિ ફેલાય છે અને એમાંથી જ વાત વણસીને ક્યારેક છૂટાછેડા સુધી પહોંચી જાય છે. ત્યારબાદ બીજું જે પરિબળ છે તે છે સહનશીલતા. આજની પેઢીમાં સહનશીલતાનો ખૂબ અભાવ છે. જ્યાં કંઈક વાંધો પડે એટલે સીધું 'તું તારે ઘેર હું મારે ઘેર 'કહીને બંન્ને જણ છૂટવાનો પ્રયત્ન કરવા માંડે છે. પહેલાંના સમયમાં જે સંયુક્ત કુટુંબની પ્રથા પ્રચલિત હતી તે કદાચ સમાજની એક ઉચ્ચ કોટીની વ્યવસ્થા હતી. જેને કારણે ઘરનાં સભ્યો સચવાઈ જતાં. પરંતુ આજની' હું તું અને રતન'ની માનસિકતાએ છૂટાછેડાનું પ્રમાણ વધારી દીધું છે અને આવાં અનેક કારણોસર સરકારી અદાલતોના ટેબલો છૂટાછેડાના કેસની ફાઈલોથી લદાયેલા છે. આ વિષય પર જો વિસ્તારથી લખવા બેસું તો પાનાંના પાનાં ભરાય. મારું કહેવું એટલું જ છે કે જો બંને પક્ષે છોકરાં છોકરીઓથી લઈને વડીલો થોડી સમજદારીથી કામ લે.યુગલો થોડી સહનશીલતા વધારે, પોતાની નબળાઈઓ પર ધ્યાન આપે. એકબીજાં પ્રત્યે સહિષ્ણુતા દાખવે અને પોતપોતાનાં અહમ કરતાં એકબીજાનાં અસ્તિત્વને જો મહત્વ આપે તો સમાજમાં છૂટાછેડાનાં કિસ્સાઓ ઓછાં બને.શ્ર?

લેખિકા : આરતી મરચંટ
મુંબઈ : કાંદિવલી.




# ઘન કચરા સંચાલન જાગૃતિ માસ અંતર્ગત તારીખ ૨૩મી સુધી ભીના કચરા સંચાલન જાગૃતિ સપ્તાહની ઉજવણી કરાશે

ગાંધીનગરઃ

ગાંધીનગર મહાનગર પાલિકાએ ૨૦૨૧ના પ્રથમ માસ જાન્યુઆરીને ×ઘન કચરા સંચાલન જાગૃતિ માસ' તરીકે જાહેર કરીને લોક જાગૃતિ કેળવવા એક જન અભિયાનનું આયોજન કર્યું છે. મહિનાના ચાર સપ્તાહમાં ચાર અલગ વિષય પર માહિતી અને જ્ઞાનનું આદાન-પ્રદાન કરવામાં આવી રહ્યું છે. પ્લાસ્ટિકનો કચરો, સેનિટરી કચરો, ભીનો કચરો અને ઈલેક્ટ્રોનિક કચરો, આ તમામ કચરાનું સંચાલન કેવી રીતે કરવું તેના પર રસપ્રદ વિગતોની આપ-લે કરવાના અભિયાનમાં ડિજીટલ અને પરંપરાગત માધ્યમોની મદદથી માહિતી, શિક્ષણ, અને પ્રસારની પ્રવૃત્તિ જોર-શોરથી કરાઇ રહી છે. મહામારીના સમયમાં પણ કચરાનું અસરકારક સંચાલન કેવી રીતે કરી શકાય તેના શિક્ષણની કામગીરી પ્રશંસનીય રીતે બજાવાઇ રહી છે. તેના અંતર્ગત તારીખ ૧૮થી ૨૩ દરમિયાન ×ભીના કચરા સંચાલન જાગૃતિ' સપ્તાહ તરીકે ઉજવણી કરાઇ રહી છે. આ સપ્તાહમાં ઘરેલુ ભીના કચરામાંથી ખાતર બનાવવાની રીત શીખવવામાં આવશે.

ઘરમાં પેદા થતા ભીના કચરાના સંચાલનનું મહત્વ સમજવું અને સમજાવવું ખુબ જરૂરી છે. ભીના કચરામાં મુખ્યત્વે રસોડામાં ઉત્પન્ન થતો બાયોડીગ્રેડેબલ (વિઘટનક્ષમ) કચરો જેવો કે ફળો/ શાકભાજીની છાલ, ચા પત્તી, કોફીનો ભૂકો, ઈંડાની કાચલી, વધેલો ખાદ્ય પદાર્થ, પાંદડા અને ફૂલોનો સમાવેશ થાય છે. ચાર સભ્યોનો એક પરિવાર દરરોજ આશરે ૨ કિલો કચરો પેદા કરે છે, જેમાંથી ૫૦% ભીનો કચરો હોય છે. તેવી રીતે શહેરમાં દરરોજ આશરે ૪૩ ટન ભીનો કચરો ઉત્પન્ન થાય છે, જે વાર્ષિક ઓલિમ્પિક કદના ૧૩ સ્નાનાગર જેટલો થવા જાય છે. યોગ્ય નિકાલ ન થાય તો આ ભીનો કચરો જમીનમાં ઉતરીને ભૂગર્ભ જળને પ્રદૂષિત કરે છે. ત્યારે જો ભીના કચરામાંથી ઘરેલુ ખાતર બનાવાય તો ભીના કચરાના ઉત્પાદનમાં ઘટાડો કરી શકાય અને તેનો ઉપયોગ પોતાના બગીચામાં શાક-ભાજી અને ફળો ઉગાડવામાં કરી શકાય છે.

વર્તમાન સપ્તાહમાં મહાનગર પાલિકા મુખ્યત્વે ભીના કચરા વિષે માહિતી અને જાગૃતિ ફેલાવવા કટિબદ્ધ છે. વિશેષતઃ ભીના કચરાનું ઉત્પાદન અને તેનું બંધારણ, યોગ્ય સંચાલન ના થાય તો ભીના કચરાની પર્યાવરણ પર થતી અસરો, તંત્ર દ્વારા કચરા સંચાલનની વર્તમાન વ્યૂહરચના, અને ભીના કચરાના સંચાલનમાં નાગરિકો વ્યક્તિગત/સમુદાય સ્તરે શું કરી શકે વગેરે વિષયો પર ભાર આપવામાં આવી રહ્યો છે. નાગરિકોમાં જાગૃતિ ફેલાવવાના આશયથી મહાનગર પાલિકા ફેસબૂક, ટ્વિટ્ટર, ઈન્સ્ટાગ્રામ જેવા પ્રચલિત સોશ્યિલ મીડિયાનો ભરપૂર ઉપયોગ કરી રહી છે. મહાનગર પાલિકા એક વેબિનારનું પણ આયોજન કરી રહી છે જેનું પ્રસારણ ૨૧મી જાન્યુઆરી, શુક્રવારના રોજ સવારે ૧૧થી બપોરે ૧૨ વાગ્યા સુધી કરવામાં આવશે. વેબિનારનો મુખ્ય વિષય છે, ભીના કચરાનું સંચાલન અને ઘરેલુ ખાતર બનાવવાની રીત. સમગ્ર સપ્તાહ દરમિયાન દરરોજ ૨ વોર્ડમાં સમુદાય સ્તરે વિવિધ પ્રવૃતિઓનું આયોજન થઈ રહ્યાંચ છે. આ પ્રવૃતિઓના લીધે વધુમાં વધુ લોકો સુધી પહોંચી શકાય છે અને રહેણાક તથા કોમર્શિયલ વિસ્તારના લોકો પણ આ પ્રવૃતિઓમાં ભાગ લઇ શકે છે. મહાનગર પાલિકા નાના પાયે વર્કશોપનું પણ આયોજન કરવા ઈચ્છુક છે જેનો ધ્યેય નાગરિકોને ઘરેલુ ખાતર બનાવવા માટેની પદ્ધતિનું નિદર્શન કરવાનો છે. આ સાથે ખાતર બનાવવાના સાધનોના વિતરકોને પણ આ અભિયાનમાં સામેલ કરવાનું આયોજન છે. આ વર્કશોપના લીધે સ્થાનિક વેપારીઓ અને છોડ ઉછેર કેન્દ્રોને પણ ફાયદો થશે.

# રાણપુર તાલુકામાં તમાકુ નિયંત્રણ ટાસ્ક ફોર્સ-સ્કોર્ડ દ્વારા સરપ્રાઈઝ ચેકિંગ કરવામાં આવ્યુ

પ્રવાસી પત્રકાર વિજયવિર યાદવ

તમાકુ વહેચતા વેપારીઓ,પાન-ગલ્લા વગેરે જગ્યાએ આકસ્મિક ચેકિંગ કરી ૯ જેટલા દુકાન ધારકો પાસેથી રૂ.૪,૪૦૦ નો દંડ વસુલ કરવામાં આવ્યો

સરકારના રાષ્ટ્રીય તમાકુ નિયંત્રણ કાર્યક્રમ અંતર્ગત બોટાદ જીલ્લા કલેક્ટર વિશાલ ગુપ્તા તેમજ જીલ્લા વિકાસ અધિકારી લલિતનારાયણસિંગ સાંદુની અધ્યક્ષતામાં બોટાદ જીલ્લામાં તમાકુ કે તમાકુની બનાવટનું બિન અધિકૃત રીતે વેચાણ અને આનુસંગિક નિયમન માટે ટાસ્ક ફોર્સની રચના કરવામાં આવેલી છે.તમાકુ વિરોધી કાયદો સિગારેટ એન્ડ અધર ટોબેકો પ્રોડક્ટ એક્ટ (કોટપા-૨૦૦૩)નું સઘન અમલીકરણ થાય તે હેતુથી ટાસ્ક ફોર્સ દ્વારા સરપ્રાઈઝ ચેકિંગ ની કામગીરી આરોગ્ય વિભાગના મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારી ડો.જે.એસ.કનોરીયાના માર્ગદર્શન અને એપીડેમીક મેડીકલ ઓફિસર ડૉ. આર.આર.ચૌહાણના મોનીટરીંગ નીચે તાલુકા ટાસ્ક ફોર્સ સ્કવોડ દ્વારા આજરોજ તા.૨૦/૧/૨૦૨૧ ના રોજ રાણપુર તાલુકામાં ચેકીગની કામગીરી હાથ ધરવામાં આવી હતી.જેમાં તમાકુ કે તમાકુની બનાવટ વહેચતા નાના-મોટા વેપારીઓ,પાન-ગલ્લા પાર્લર વગેરે જગ્યાએ આકસ્મિક ચેકિંગ હાથ ધરવામાં આવ્યુ હતુ.જેમાં ૯ જેટલા દુકાન ધારકો પાસેથી રૂ.૪,૪૦૦ નો દંડ વસુલ કરવામાં આવેલ હતો.જેમાં વેપારીઓ દ્વારા તમાકુથી કેન્સર થાય છે અને ૧૮ વર્ષથી નાની ઉંમરની વ્યક્તિને તમાકુ નું વેચાણ એ દંડનીય ગુનો છે અને સિગારેટ તથા બીડીના છુટક વેચાણ પ્રતિબંધિત છે. એવું લખાણ સાથે નિર્દિષ્ટ આરોગ્ય – વિષયક ચેતવણી વિના સિગારેટસ અને તમાકુર્ની અન્ય બનાવટોનું વેચાણ કરવા પર પ્રતિબંધ.બીડી,બીસ્ટોલ/ સિગારેટના પેકેટ ઉપર ૮૫% ભાગમાં તમાકુ જીવલેણ છે.તમાકુના સેવનથી કેન્સર થાય છે.તેવું સચિત્ર ચેતવણી જેવી બાબતો સાથે પાકા બીલ વગરની પરદેશી બનાવટની ઈમ્પોટેડ સિગારેટનું બિન અધિકૃત રીતે વેચાણ અને ઇ-સિગારેટ પ્રતિબંધ જેવી બાબતો આવરી લેવામાં આવી હતી. આ કામગીરીમાં તાલુકા આરોગ્ય અધિકારી ડો.એમ કે.સાત્યકી,મેડિકલ ઓફિસર ડો. રામજીભાઈ જોગરાણા અને નાયબ મામલતદાર એ.ડી.પટેલ,અને પોલીસ વિભાગના એ.એસ.આઈ-પી.ડી સોલંકી તથા પ્રુથવીરાજસિંહ,તાલુકા ફાઈનાન્સ ઓફિસર અશ્વિનભાઈ બારેવડીયા, જિલ્લા ડી.પી.એ.દીપેશભાઈ વ્યાસ, જયેશભાઈ સાકળીયા દ્વારા રાણપુર તાલુકામાં તમાકુ વહેચતા વેપારીઓ,પાન-ગલ્લા પાર્લર વગેરે જગ્યાએ કડક હાથે આકસ્મિક ચેકિંગ કરવામાં આવ્યુ હતુ.



આ કોરોના વાયરસ ની મહામારીમાં લોકો પોતાનું અને પોતાના પરિવાર નું વિચારતા ઘણા થઈ ગયા છે પરંતુ તેની સામે પુંધરા ગામ ના વતની અને અત્યારે નિકોલ અમદાવાદ ખાતે વસવાટ કરતા પટેલ વિક્રમભાઈ કેશવલાલ કે જેઓ અત્યારે પોતાના ગામમાં વસવાટ નથી કરતાં પરંતુ વડીલો ના આશીર્વાદ થી મળેલ ગુણો કે જેમને સમગ્ર પુંધરા ગામને એક પોતાનો પરીવાર સમજી ગામ નો કોઈ વ્યક્તિ કોરોના થી સંક્રમિત થાય ત્યારે ઉપયોગ માં લેવાય અને કોરોના વાયરસ કોઈ વ્યક્તિ ને થતો અટકાવવા તેના ભાગ રૂપે નાશ લેવાના ૨૫૦૦ થી વધું મશીન નું વિતરણ કરી એક માનવતાનુ ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું હતું.

# રાજપીપળા સબ જેલ પાસે નું બસ સ્ટેન્ડ ફરી શરૂ કરાવવા સ્થાનિક વેપારીઓની કલેકટરને તથા ડેપો મેનેજરને આવેદનપત્ર આપ્યું.



રાજપીપળા, તા.૨૦

રાજપીપળા નગરના મુખ્યમાર્ગો ઉપર આવેલા સબ જેલ પાસે નું બસ સ્ટેન્ડ છેલ્લા ચારેક મહિનાથી બંધ હોવાથી મુસાફરોને ભારે મુશ્કેલી પડી રહી છે.એ માટે આ બસ સ્ટેન્ડ ફરીથી ચાલુ કરવાની સ્થાનિક વેપારીઓએ ચીટનીસટુ કલેકટર એસ.એન.સોનીને તથા રાજપીપળા એસટી ડેપો મેનેજર લેખિત આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.

આ રજૂઆતમાં સ્થાનિક વેપારી વિજયભાઈ રામી, અરૂણભાઈ પાદરીયા સહિતના વેપારીઓએ જણાવ્યું હતું કે રાજપીપળા સબ જેલ પાસે રાજા રજવાડા સ્ટેટ સમય નું સ્ટેન્ડ હતું ત્યાંથી આખા દિવસ દરમિયાન ઘણી બસોની અવરજવર હતી. જેથી શહેરના મધ્યમાં આવેલું આ સ્ટેન્ડ મુસાફરો માટે આશીર્વાદ સમાન હતું. પરંતુ ચારેક મહિનાથી આ બસ સ્ટેન્ડ બંધ કરી દેવાતા રાજપીપળા બજારમાંથી સામાન લઈ જતા ગ્રામ્ય વિસ્તારના મુસાફરોને રીક્ષા બગાડી સ્ટેન્ડ ઉપર જવું પડતું હતું.ખાસ ઉંમરલાયક વ્યક્તિઓ કે મહિલાઓને પણ તકલીફ પડે છે મુખ્ય માર્ગ ઉપર ઉભી રહેતી લારીઓ ના કારણે પણ ટ્રાફિકની સમસ્યા રહેતી હોય છે.

અગત્યની બાબત તો એ છે કે લોકડાઉનના કારણે લોકોના ધંધા-રોજગારમાં ભરે મંદિ હોય, ઉપરથી આ ગામના એક માત્ર બસ સ્ટેન્ડ બંધ કરાતા સ્થાનિક વેપારીઓના ધંધા પણ ભાંગી પડ્યા છે. માટે એસટી ડેપોથી નીકળતી બસો અગાઉ જેમ સ્ટેશન રોડ પરથી પસાર થાય તેમ કરવાલે કલેકટર સહિત ડેપો મેનેજરની વેપારીઓ દ્વારા લેખિત રજૂઆત કરવામાં આવી છે.

રિપોર્ટ : જ્યોતિ જગતાપ, રાજપીપળા

